[A-35] No. of printed pages: 2

# SARDAR PATEL UNIVERSITY

**T. Y. B. A. (VI Semester) Examination**
**Friday, 10th April, 2015**
**2.30 – 5.30 pm**
**UA06CGLT20 - Paper No. 20**
**ગુજરાતીઃ અપઠિતનો અભ્યાસ(અનસીન)**

**કુલ ગુણઃ ૭૦**

**નોંધઃ** જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ સૂચવે છે.

પ્ર.૧ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો. (૨૦)

કવિનું કાર્ય રસિક કૃતિઓ ઉત્પન્ન કરવાનું છે. અમૂર્ત વિચારો અને અનુમાનોના સિદ્ધાંતો કહેવાનું નથી. કવિ જે વિચારો અને અનુમાનો ઇષ્ટ હોય તે અમૂર્ત સૂત્રરૂપમાં ગોઠવવાને બદલે મૂર્તિઓ અને કૃતિઓના અંગ અને ગુણ રૂપે તે પોતાની રચનામાં દાખલ કરે છે. કવિ સિદ્ધાંતો કહી બતાવતો નથી પણ પાત્રો અને વૃતાન્તોનાં એવાં આનંદમય ચિત્રો આપે છે કે ચિત્રો ગ્રહણ કરનાર તે ચિત્રોમાં રહેલા સિદ્ધાંતો અનાયાસે અને વગર જાણ્યે ગ્રહણ કરી લે છે. કવિ જો સિદ્ધાંતોનું કથન કરવા બેસે તો આનંદમય રચનાનો ત્યાગ કરી તેને બીજા જ પ્રદેશમાં જવું પડે.

- રમણભાઇ નીલકંઠ

**અથવા**

પ્ર.૧ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો. (૨૦)

અદ્યતનવાદી સર્જકો કળા અને સર્જકતાનો જુદો જ ખ્યાલ લઇને ચાલતા દેખાય છે. ત્રીશી-ચાળીસીની વાસ્તવવાદી કળાના પ્રભાવથી તેઓ મુકત થવા મથ્યા છે. લોકજીવનની સામાજિક અને આર્થિક વિષમતાના કે તેમનાં સુખદુઃખના પ્રશ્નો રજૂ કરવામાં તેમને એટલો રસ રહ્યો નથી. આધુનિક માનવ-પરિસ્થિતિની વિષમતા અને અરાજકતાનો તાગ લેવામાં, અલબત્ત, તેમને રસ છે. પણ સર્જક લેખે એમની ગતિ વિશેષતઃ અંદરના વિશ્વ તરફની રહી છે. અસ્ત્વિને સભાનપણે પ્રમાણવાનો તેમનો પ્રયત્ન રહ્યો છે. સર્જનની પ્રવૃત્તિ એ રીતે તેમને માટે 'આત્મસંજ્ઞા' પામવાની પ્રવૃતિ બની જતી દેખાશે. સર્જક સર્જનની ક્ષણોમાં પૂરી પ્રામાણિકતા દાખવે એ જે તેની નીતિમત્તા, એમાં કશીક દિલચોરી કરે તો એ જ તેની અનિતી.

- ડૉ. પ્રમોદકુમાર પટેલ

પ્ર.૨ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો. (૨૦)

નથી જાણ્યું તારું વતન, કુલ ના, ના નામ, ગુણ ના
સુણ્યા કિંવા જાણ્યા, તદપિ તુજમાં એવું જ કશું
વસ્યું છે કે જે દેખી મુજ મન અહા તુર્ત જ હસ્યુ,
અને મૂંગી મૂગી કંઇ રચી રહ્યું પ્રીતિ-ગણના ?
અહો, એવું તે શું વસ્યું મનુજમાં જે અવરને
શકે છાનું છાનુ પરસી, નહિ કો આડશ નડે,
અજાણ્યું તે જાણે પરિચિત યુગોનું થઇ પડે.
જગાડે આત્માને, સુનમુન થિજેલા રૂધિરને ?
તને દેખું જાતી નિત તવ મહાપૂજન સ્થળે,
કરે થાળી, દીવો, કુસુમ, દઢ પાદે દઢ દગે
છતાં કયારે કયારે ચરણદગ તારાં ડગમગે,
અને તારું હૈયાવસન ઊછળે કોઇ વમળે,
દઉં તારા થાળે, મુજ મન ધરી નીરમ સમ,
બને તારી યાત્રા સુદઢ, મન મારુ ય કુસુમ.
- સુન્દરમ્

**અથવા**

પ્ર.૨ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો. (૨૦)

મારી કોઇ ડાળખીમાં પાંદડા નથી
મને પાનખરની બીક ના બતાવો!
પંખી સંહિત હવા ચાતરીને જાય
એવું અષાઢી દિવસોમાં લાગે.
આંબાનું સાવ ભલે લાકડું કહેવાઉં
પણ મારામાં ઝાડ હજી જાગે.
માળામાં ગોઠવેલી સળી હું નથી
મને વીજળીની બીક ના બતાવો !
એકે ડાળીથી હવે ઝીલ્યો ન જાય
કોઇ રાતી કીડીનોય ભાર!
એક પછી એક ડાળ ખરતી જોઉં ને થાય
પડવાને કેટલી છે વાર !
હું બરફમાં ગોઠવેલું પાણી નથી
મને સૂરજની બીક ના બતાવો !
- અનિલ જોશી

પ્ર.3 નીચે આપેલા છંદનું બંધારણ આપી ઉદાહરણ સહિત સમજાવો (**ગમે તે ચાર**) (૧૬)

(૧) રોળા (૨) તોટક (૩) વસંતતલિકા (૪) ચોપાઇ
(૫) સ્રગ્ધરા (૬) ઉપેન્દ્રવજ્રા (૭) દ્રુતવિલંબિત (૫) સવૈયા

પ્ર.૪ નીચેનામાંથી **ગમે તે બે** અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો. (૧૪)

(૧) અતિશયોકિત (૨) વ્યાજસ્તુતિ
(૩) સજીવારોપણ (૪) વ્યતિરેક

☺☺☺